પેપર નં. ૨

૧. (અ) (A) નીચેની ખાલી જગ્યાઓ યોગ્ય શબ્દ વડે પૂરો. (૨)

૧. ન્યૂટનના પ્રખ્યાત ગ્રંથનું નામ ..... હતું.

૨. ભારતમાં ગવર્નર જનરલ ..... શીખ સત્તાનો અંત આણ્યો.

(B) નીચેનાં જોડકાં સાચાં બનાવી તેના ઉપરથી સમયરેખા દોરો. (સ્કેલમાપ : ૧ સે.મી. = ૫ વર્ષ) (૩)

'અ'	'બ'
૧. ઈ.સ. ૧૯૪૫	૧. નાટો લશ્કરી સંગઠન રચાયું.
૨. ઈ.સ. ૧૯૪૯	૨. સીયાટો લશ્કરી સંગઠન રચાયું.
૩. ઈ.સ. ૧૯૫૪	૩. દ્વિતીય વિશ્વયુદ્ધનો અંત.
	૪. શ્રીલંકાને સ્વતંત્રતા મળી.

(બ) નીચેનાં વિધાનોનાં કોઈપણ ત્રણનાં ઐતિહાસિક કારણો આપો. (૬)

૧. ધર્મયુદ્ધો યુરોપ માટે આશીર્વાદરૂપ બન્યાં.

૨. બીજા વિશ્વયુદ્ધ પછી એશિયા અને આફ્રિકાનાં રાષ્ટ્રો સ્વતંત્ર બન્યાં.

૩. ફ્રાન્સમાં લોકો માટે નિષ્પક્ષ ન્યાય મેળવવાનું ખૂબ મુશ્કેલ હતું.

૪. ઈંગ્લેન્ડ ઔદ્યોગિક ક્રાંતિની જનેતા ગણાય છે.

(ક) નીચેના વિધાનો સમજાવો. (ગમે તે બે) (૩)

૧. એક પક્ષ, એક પ્રજા અને એક નેતા નાઝી પક્ષનો મુખ્ય આદર્શ હતો.

૨. પશ્ચિમ એશિયાના દેશોનું મહત્વ વધ્યું.

૩. ઔદ્યોગિક ક્રાંતિએ વર્ગ વિગ્રહને જન્મ આપ્યો.

(ડ) નીચેનામાંથી કોઈપણ બે ટૂંક નોંધ લખો. (૬)

૧. અમેરિકન ક્રાંતિની અસરો. ૨. ફાસીવાદમાં મુસોલિનીનો ફાળો.

૩. નાઝીપક્ષની વિશિષ્ટતાઓ.

૨. (અ) (A) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ લખો. (૬)

૧. ભારતમાં પ્રથમ સામ્રાજ્યવાદનો પાયો કોણે નાખ્યો ?

૨. હિટલર જર્મની અને જર્મન પ્રજા વિશે શું માનતો હતો ?

૩. યુરોપમાં ધર્મયુદ્ધોની ઝુંબેશ શા માટે શરૂ કરવામાં આવી ?

૪. રોમન સામ્રાજ્ય ઉપર કઈ કઈ જાતિઓએ આક્રમણ કર્યા ?

૫. સલામતિ સમિતિનું મુખ્ય કાર્ય શું છે ?

૬. રશિયન ક્રાંતિએ જગતને કયો સિદ્ધાંત ભેટ આપ્યો ?

(B) નીચેની સંકલ્પનાઓ સમજાવો. (૨)

૧. પ્રતિ ધર્મ સુધારણા. ૨. સેન્ટો (SENTO)

(બ) નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નના સવિસ્તાર ઉત્તર લખો. (૬)

૧. ઝાર શાસન સમયની રશિયાની સામાજિક અને આર્થિક સ્થિતિ વર્ણવો.

૨. નાઝીવાદની મુખ્ય વિશેષતાઓ કઈ કઈ હતી ?

૩. રાષ્ટ્રસંઘની નિષ્ફળતાઓ જણાવો.

૪. પ્રથમ વિશ્વયુદ્ધ પછી યુરોપમાં આવેલું રાજકીય પરિવર્તન જણાવો.

(ક) નીચેનામાંથી કોઈપણ બે વિધાનોનાં કારણો આપો. (૩)

૧. ભારતે શ્રીલંકામાં લશ્કર મોકલ્યું હતું.

૨. સલામતી સમિતિના કાયમી સભ્યોને નિષેધાત્મક મત આપવાનો અધિકાર છે.

૩. ભારતે હંમેશાં સામ્રાજ્યવાદનો વિરોધ કર્યો છે.

(ડ) નીચેનામાંથી કોઈપણ એક ઉપર ટૂંક નોંધ લખો. (૩)

૧. પર્યાવરણની જાળવણીમાં નાગરિકનો ફાળો. ૨. યુનેસ્કોના વિકાસમાં ભારતનો ફાળો.

૩. (અ) નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ચારના એક-બે શબ્દોમાં ઉત્તર લખો. (૪)

૧. પર્યાવરણની સમતુલા જાળવવા માટે કઈ બે બાબતો મહત્વની છે ?

૨. પાકિસ્તાને કાશ્મીરમાં શા માટે લશ્કર મોકલ્યું ?

૩. આંતરરાષ્ટ્રીય મજદૂર સંસ્થાનું વડું મથક ભારતમાં ક્યાં આવેલું છે ?

૪. ગ્રીન હાઉસનો સામાન્ય અર્થ શો થાય છે ?

૫. ઊર્જા સ્ત્રોતના બચાવ માટે નાગરિકે શું કરવું જોઈએ ?

(બ) નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણના સવિસ્તાર ઉત્તર લખો. (૬)

૧. ભારતે બિન જોડાણવાદ નીતિ શા માટે અપનાવી.

૨. નિઃશસ્ત્રીકરણ એટલે શું ?

૩. ભારત અને પાકિસ્તાન વચ્ચે કયા કયા પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે ?

૪. તંદુરસ્ત માનવ સમાજ માટે સાક્ષરતા શા માટે જરૂરી છે ?

(ક) નીચેના શબ્દોમાંથી કોઈપણ પાંચની સંકલ્પના સમજાવો. (૫)

૧. વિકસિત દેશ ૨. હરિયાળી ક્રાંતિ ૩. આંતરિક વ્યાપાર

૩. અલ્પ વિકસિત દેશ ૪. સાપેક્ષ ગરીબાઈ ૫. પંચવર્ષીય યોજના

અથવા

(૬) નીચેનાં સાચાં જોડકાં બનાવો. (૫)

'અ'	'બ'
૧. વિશ્વ બેંકની સ્થાપના	૧. દેશની રાજકીય સ્વતંત્રતા માટે ભયરૂપ.
૨. ઈડાની સ્થાપના	૨. ઈ.સ. ૧૯૪૫.
૩. આંતરરાષ્ટ્રીય રોકાણ નિગમની રચના	૩. ભારત.
૪. વિદેશી સહાયની પ્રતિકૂળ અસર	૪. ઈ.સ. ૧૯૬૦
૫. વિશ્વ બેંક પાસેથી વધુ રકમની લોન મેળવનાર દેશ.	૫. ઈ.સ. ૧૯૫૬
	૬. પાકિસ્તાન.

(૭) નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ પાંચના એક-બે વાક્યોમાં જવાબ લખો. (૫)

૧. ઈજારાનું દૂષણ એટલે શું ?

૨. બજારનાં મુખ્ય કાર્યો કયા છે ?

૩. આંતરરાષ્ટ્રીય રોકાણ નિગમ કોને લોન આપે છે ?

૪. આયોજનનાં મુખ્ય અંગો કયા છે ?

૫. હૂંડિયામણ બજાર એટલે શું ?

૬. શ્રમ પ્રધાન ચીજ એટલે શું ?

૪. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ વિધાનનાં કારણો આપો. (૬)

૧. ભારત સરકારની નવી આર્થિક નીતિથી ભારતીય અર્થતંત્રને વેગ મળશે.

૨. વિદેશી સહાય દેશની રાજકીય સ્વતંત્રતા માટે ભયરૂપ છે.

૩. સ્વાતંત્ર્ય પછી ભારતને આયોજન કરવું પડ્યું.

૪. આર્થિક રીતે પછાત દેશોને વિશ્વ બેંક આશીર્વાદરૂપ બને છે.

(બ) (અ) નીચેની ખાલી જગ્યા પૂરો. (૨)

૧. ભારતની આયાતોમાં ..... નું પ્રમાણ સૌથી વધારે છે.

૨. ભારતમાં કુલ ..... રાષ્ટ્રીય ધોરીમાર્ગ છે.

(ઇ) નીચેનામાંથી કોઈપણ એક ઉપર ટૂંકનોંધ લખો. (૩)

૧. ભારતમાં કુદરતી વાયુનાં ક્ષેત્રો અને ગેસ પાઈપલાઈન.

૨. જંગલ સંપત્તિનું આર્થિક મહત્વ.

(૬) નીચેનામાંથી કોઈપણ પાંચના ઉત્તર એક-બે વાક્યોમાં લખો. (૫)

૧. ટપાલની ઝડપી વિતરણ માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

૨. શક્તિ મેળવવાના બિન પરંપરાગત સ્ત્રોત જણાવો.

૩. ભારતમાં તમાકુનો પાક ક્યાં વધુ થાય છે ?

૪. ગુજરાતમાં કયા સ્થળોએ મોટા વિન્ડફાર્મ શરૂ કરવામાં આવ્યાં છે ?

૫. ગુજરાતમાં તાપવિદ્યુતનાં મથકો ક્યાં ક્યાં આવેલાં છે ?

૬. હિંદુસ્તાન મશીન ટુલ્સ (HMT) સંસ્થાનાં કારખાનાં ક્યાં આવેલાં છે ?

(૭) નીચેના શબ્દોમાંથી કોઈપણ ચારની સંકલ્પના સમજાવો. (૪)

૧. બહુહેતુક યોજના ૨. સૂકી ખેતી ૩. એક્સપ્રેસ હાઈવે.

૪. વાતાભિમુખ ૫. એપ્રોચ રોડ.

૫. (અ) નીચેનામાંથી કોઈપણ ચારના સવિસ્તાર ઉત્તર લખો. (૮)

૧. ભારતના રાસાયણિક ખાતરના ઉદ્યોગ વિશે માહિતી આપો.

૨. ભારતના કયા કયા ક્ષેત્રોમાં ખનીજોનું વિતરણ થયેલું છે ? તેની ખનીજ સંપત્તિ વિશે માહિતી આપો.

૩. શણના પાક માટે કયા અનુકૂળ સંજોગો જરૂરી છે ? ઉત્પાદન કરતા પ્રદેશો જણાવો.

૪. ભારતમાં કૃષિ વિકાસની અનુકૂળતાઓ જણાવો.

૫. ભારતમાં કયા પ્રકારનાં જંગલો આવેલાં છે ? તેની માહિતી આપો.

(બ) નીચેનામાંથી કોઈપણ ચારનાં ભૌગોલિક કારણો આપો. (૮)

૧. ભારતમાં કુદરતી ખાતરની અછત રહે છે.

૨. ઘઉં ને અનાજનો રાજા ગણવામાં આવે છે.

૩. ગુજરાતમાં સુતરાઉ કાપડનો ઉદ્યોગ વિકસ્યો છે.

૪. ગરમ કાપડના ઉદ્યોગનું કેન્દ્રીકરણ પંજાબમાં થયું છે.

૫. મેઘાલય અને અસમમાં ભારે વરસાદ થાય છે.

(૬) નીચેની આઠ વિગતો ભારતના રેખાંકિત નકશામાં દર્શાવો. (૪)

૧. બ્રહ્મપુત્રા નદી ૨. અમૃતસર ૩. ખાંડ ઉદ્યોગનું એક કેન્દ્ર ૪. દામોદર યોજના

૫. ચિલ્કા સરોવર ૬. હિમાલય પર્વત ૭. ૮૦° પૂર્વ રેખાંશવૃત ૮. બોક્સાઈટ ઉત્પાદન ક્ષેત્ર

૯. મુંબઈથી નાગપુર રેલ્વે થઈને કલકત્તા જતો રેલમાર્ગ અને તેના ઉપરનું એક અટક સ્થાન.

* * * * *